# 'સુશાસનના ૧૨૧ દિવસ' આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત પુસ્તિકાનું લોન્ચિંગ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં જનસેવાની પરિશ્રમ યાત્રાના - સુશાસનના પ્રથમ ૧૨૧ દિવસ પૂર્ણ : ભૂપેન્દ્ર પટેલના નિડર - નક્કર - નિર્ણાયક નેતૃત્વ અને સરળ - સહજ - સૌમ્ય સ્વભાવથી ટીમ ગુજરાતે ૧૨૧ દિવસમાં ગુજરાતના ચોતરફા વિકાસની આગવી કેડી કંડારી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જનતા જનાર્દનની સેવા કરવાની તેમની ટીમને મળેલી તક અને રાજ્યની વિકાસયાત્રાને તેજોમય બનાવવાની પરિશ્રમ યાત્રાની સફળતાનો શ્રેય ગુજરાતના સૌ નાગરીકોના ચરણે ધર્યો છે.

મુખ્યમંત્રીના નેતૃત્વની વર્તમાન રાજ્ય સરકારની જનસેવા યાત્રાના સુશાસનના સફળ ૧૨૧ દિવસ પૂર્ણ થવા અવસરે મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલમાં આયોજિત કાર્યક્રમમાં "સુશાસનના ૧૨૧ દિવસ" પુસ્તિકાનું લોન્ચિંગ કર્યું હતું.

મહેસુલ મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી, મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કે. કૈલાસનાથન, મુખ્ય સચિવ પંકજ કુમાર અને વરિષ્ઠ સચિવો તથા પ્રચાર માધ્યમોના પ્રતિનિધિઓ આ અવસરમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ અને ગૃહમંત્રી અમિતભાઈ શાહે કંડારેલી ગુડ ગવર્નન્સ-સુશાસનની કેડી પર ચાલતા તેમની નવી ટીમ ગુજરાતે સૌને સાથે રાખી, સૌ માટે, સૌ સંગાથે ચોતરફા વિકાસ માટેનો સંકલ્પ સાકાર કરવાની નેમ રાખી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, સાફ નિયત અને નેક નીતિથી પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને પળ-પળ, ક્ષણ-ક્ષણ રાજ્યના ભલા માટે ખપાવી દેવાની તેમની ટીમની તત્પરતા છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, શાસન દાયિત્વ સંભાળ્યાના પહેલા જ દિવસથી તેમની સમગ્ર ટીમે લોકપ્રશ્નો –જન સમસ્યાઓને સરકાર સુધી પહોચાડવાના દરવાજા ખુલ્લા કરી દીધા છે.

તેમના નેતૃત્વની વર્તમાન સરકારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈના દિશાદર્શનમાં ત્વરિત નિર્ણયો અને શ્રેણીબદ્ધ જનહિત કાર્યોથી ગુડ ગવર્નન્સની નવી પરિભાષા અંકિત કરી છે, એમ તેમણે દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું.

ભૂપેન્દ્ર પટેલે આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતનો ધ્યેય સાકાર કરવાના મંત્ર સાથે કૃષિ, ઊદ્યોગ,સેવા,સમાજ કલ્યાણ સહિતના વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતે ૧૨૧ દિવસ દરમ્યાન કરેલી ગતિ-પ્રગતિની વિશદ છણાવટ કરી હતી.

મુખ્યમંત્રીએ રાજ્યમાં પ્રાકૃતિક ખેતી બે લાખ ખેડૂતોએ અપનાવી છે અને વનબંધુ ડાંગ જિલ્લો સંપૂર્ણ પ્રાકૃતિક ખેતિયુક્ત જિલ્લો બન્યો છે તેની ભૂમિકા આપી હતી.

તેમણે એમ પણ જાહેર કર્યું કે, રાજ્ય સરકાર પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધુ વિસ્તારવા રૂ. ૧૦૦ કરોડના ફંડીંગ સાથે આગામી દિવસોમાં ગ્રામ્ય કક્ષાએ ખેડૂત તાલીમ કાર્યક્રમો, કૃષિ શિબિર, ગુણવત્તા ચકાસણી લેબોરેટરી, માસ્ટર ટ્રેનર્સ વિગેરેની સુવિધા વિકસાવવાનું કાર્ય આયોજન હાથ ધરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના હરેક ઘરને ટેપ વોટર-




નળથી જળ પહોચાડવા 'નલ સે જલ'ની જે સંકલ્પના આપી છે તેમાં સંપૂર્ણ ગુજરાતને આગામી સપ્ટેમ્બર ૨૦૨૨ સુધીમાં આવરી લઈ




૧૦૦ ટકા નલ સે જલ યુક્ત રાજ્ય બનાવવાનો નિર્ધાર મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો.

ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વધુ ૬ જિલાઓ ડાંગ, મોરબી, ગીર સોમનાથ, જુનાગઢ, જામનગર અને કચ્છને આગામી ૩૧મી જાન્યુઆરી ૨૦૨૨ સુધીમાં શત પ્રતિશત નલ સે જલ અન્વયે આવરી લેવામાં આવશે તેમ પણ ઉમેર્યું હતું. આ ૬ જિલ્લાઓ સાથે રાજ્યમાં કુલ ૧૩ જિલ્લા સંપૂર્ણ નલ સે જલ યુક્ત થશે તેમ તેમણે કહ્યું હતું.



મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, કોરોનાનું સંકટ હોય કે કુદરતી આફતનો કહેર, પ્રજાની પડખે રહી તેને હૂંફ અને સધિયારો આપવાના સેવાધર્મથી તેમની ટીમ ગુજરાત સતત દિનરાત ખડેપગે રહી છે.

તેમણે રાજ્યમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલા નૂકશાન સામે બે તબક્કામાં ૧ હજારથી વધુ કરોડના સહાય પેકેજનો લાભ અસરગ્રસ્ત ૧૫૩૦ ગામના ૫.૦૬ લાખ ખેડૂતોને અપાયો છે તેની અને માછીમારો માટે ૨૬૫ લાખના સહાય પેકેજની પણ વિગતો આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ૧૨૧ દિવસના જનહિતકારી શાસન દરમ્યાન લોકાભિમુખ વહિવટ અને લોકોના કામોનાં સરળીકરણના અનેકાનેક નિર્ણયો કર્યા છે, તેની પણ વિસ્તૃત વિગતો આપી હતી.

તેમણે આ અંગે જણાવ્યું કે, ગુજરાતે ગુડ ગવર્નન્સની સ્પર્ધામાં દેશના રાજ્યોમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. એટલું જ નહિ પૂર્વ વડાપ્રધાન શ્રી સ્વ. અટલ બિહારીજીના જન્મદિને સુશાસન સપ્તાહની ઉજવણી અન્વયે વિવિધલક્ષી વિકાસ કામોથી પ્રજાને લાભ આપવામાં પણ ગુજરાત અગ્રેસર રહ્યું છે.

મુખ્યમંત્રીએ પ્રજાલક્ષી લોકહિતના કરેલા નિર્ણયો-પગલાંઓની છણાવટ કરતાં ઉમેર્યું કે, ઓનલાઈન આર.ટી.આઈ. પોર્ટલ લોંચ કરીને જનતાના પ્રશ્નો પ્રતિ સજાગ વલણ અપનાવ્યું છે. મહેસૂલી સેવાઓનું સરળીકરણ કરીને ૩.૬૩ લાખ નાગરિકો માટે e-signથી મહેસૂલ રેકર્ડ ઉપલબ્ધ બનાવવામાં આવ્યું છે. નિયત સરકારી સેવાઓમાં એફિડેવિટમાંથી મુક્તિ આપી સેલ્ફ ડેકલેરેશન માન્ય રાખવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. ડિજીટલી પ્રમાણિત પ્રોપર્ટીકાર્ડ ઓનલાઈન નાગરિકોને આપવાનો નિર્ણય કર્યો છે. બિનખેતી હુકમોની મંજૂરી બાદ બાંધકામ અંગેની સમયમર્યાદા દૂર કરી છે. લેન્ડ રેવન્યૂ કોડની કલમ-૭૩એએની મંજૂરી પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવી છે. સરકારના વિભાગો વચ્ચે સંકલન માટે ઈ-સરકાર પોર્ટલનો પ્રારંભ. PMJAY-MA યોજનાના લાભાર્થીને તલાટી દ્વારા અપાતા આવકના પ્રમાણપત્રો ત્રણ વર્ષ સુધી માન્ય રાખવાનો મહત્વનો નિર્ણય તેમની સરકારે કરેલો છે.

ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ૯ કરોડ ૪૬ લાખથી વધુ કોરોના વેક્સિન ડોઝનું રક્ષાકવચ નાગરિકોને આપવામાં આવ્યું છે તેની પણ વિગતો આપી હતી. પ્રતિ ૧૦ લાખ વ્યક્તિએ વેક્સિન ડોઝમાં ગુજરાત અગ્રેસર છે. રાજ્યમાં બિનચેપી રોગોની સારવાર-નિદાન માટેનું સ્ક્રિનિંગથી સારવાર સુધીનું મહાઅભિયાન હાથ ધર્યું છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

ગુજરાતમાં ૧ કરોડ જેટલાં PMJAY-MA કાર્ડ આપવા સાથે પ્રધાનમંત્રીની ફ્લેગશીપ યોજનાઓનો લાભ લક્ષિત લાભાર્થીઓને પહોંચાડવા સમયબદ્ધ કાર્યઆયોજન રાજ્ય સરકારે કર્યું છે એમ તેમણે ઉમેર્યું હતું.

કંપની સમાચાર

### આદિત્ય બિરલા હાઉસીંગ ફાઈનાન્સે ગુજરાતમાં તેની હાજરી વિસ્તારી ગાંધીનગર, નવસારી, જુનાગઢ અને ભાવનગરમાં બ્રાન્ચ શરૂ કરી

આદિત્ય બિરલા હાઉસીંગ ફાઈનાન્સની આદિત્ય બિરલા કેપીટલ લીમીટેડ, દ્વારા આજે રાજ્યમાં તેની સેવાઓને વધુ સારી બનાવવા ગુજરાતમાં ચાર નવી બ્રાન્ચ શરૂ કરવાની જાહેરાત કરી.એબીએચએફએલ એ ગાંધીનગર, નવસારી, જુનાગઢ અને ભાવનગરમાં તેની ફુલ-સર્વિસ બ્રાન્ચનું લોકાર્પણ કર્યું. એબીએચએફએલની હાલમાં ગુજરાતમાં ૧૪ બ્રાન્ચ છે જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જામનગર, વાપી, મહેસાણા, અંકલેશ્વર અને આણંદનો સમાવેશ થાય છે. હાલમાં, એબીએચએફએલની ભારતભરમાં કુલ ૮૦ કાર્યરત બ્રાન્ચ છે. કંપની તેની બ્રાન્ચની સંખ્યા ૨૦૨૨ સુધીમાં ૧૨૦ કરવાનું આયોજન કરે છે, દેશના ટાયર ૨ અને ૩ શહેરોમાં, કેમ કે તે ઉભરતા બજારો છે જ્યાં ઘણી ગીચ વસ્તી છે અને તેમની વપરાશ મુજબની જરૂરીયાત સંતોષાતી નથી. બધા જ મોટા શહેરો અને નાના શહેરોના ઘણા નાના બજારોમાં, ગુજરાત એ ખુબ જ મજબુત રહેણાંક બજાર છે, ખાસ કરીને એફોર્ડેબલ હાઉસીંગ માટે. અનૂકુળ વસ્તી વિષયક અને સુધારેલ પોષાય તેવી રહેણાંક મિલકતો હોમ લોન્સની માંગમાં વધારો કરે છે. ઘણા જિલ્લાઓની વધતી માંગને અને નાણાકીય સમાવિષ્ટતા માટે દબાણની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને, એબીએચએફએલ એ આ જરૂરીયાતને સંતોષવા માટે રાજ્યમાં નવી બ્રાન્ચની શરૂઆત કરી છે. હોમ લોનની કસ્ટમાઈઝેશન વિસ્તૃત ગ્રાહક શ્રેણીને આવરી લેશે જેમાં જુદી જુદી આવકના સેગમેન્ટ અને આર્થિક પરિસ્થિતિ ધરાવનારનો સમાવેશ થાય છે. આ વિસ્તરણ વિશે જણાવતા, શ્રી રાકેશ સિંઘ, ડિરેક્ટર, આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ કહે છે, "ગુજરાતમાં ગાંધીનગર, નવસારી, જુનાગઢ અને ભાવનગર ખાતે અમારી ૪ નવી બ્રાન્ચને રજૂ કરતા અમે અત્યંત ખુશ છીએ. આ રજૂઆતની સાથે સમગ્ર રાજ્યમાં એબીએચએફએલની હવે ૧૪ બ્રાન્ચ થઈ ગઈ છે, જે અમારા માટે અમારી સંભવિત બજારનું પ્રમાણપત્ર છે. એબીએચએફએલ ખાતે અમારો હંમેશા એવો પ્રયત્ન રહ્યો છે કે, અમે ગ્રાહકોની જરૂરિયાતને સમજીને તેને અલગ જ પ્રકારના નાણાકીય ઉકેલને પૂરા પાડીએ, સાથોસાથ દરેકના પોતાના ઘરના સપનાના લક્ષ્યાંકને પુરું પાડી શકીએ. હવે અમે સ્થાનિક લોકોને અમારી સેવાઓ પૂરી પાડવા માટે વિસ્તરણ કરી રહ્યા છીએ ત્યારે અમે અમારા ગ્રાહકો માટે તેમની હોમલોનની જરૂરિયાત અનુસાર સરળતા અને અનુકુળતા આપવા માટે ઉત્સાહિત છીએ." એબીએચએફએલ ગ્રાહકો ઘણી બધા ફાયદાઓનો લાભ ઉઠાવી શકશે જેમ કે આકર્ષક વ્યાજ દર, ફલેક્સીબલ ટેન્યોર, બેલેન્સ ટ્રાન્સફર વિકલ્પ, હોમ લોન કમ હોમ ઈમ્પ્રુવમેન્ટ લોન, પ્લોટ પર્ચેઝ કમ હોમ કન્સ્ટ્રક્શન લોન, મિલકત સામે લોન (LAP-R, LAP-C) અને કોમર્સીયલ પ્રોપર્ટી પર્ચેઝ લોન અને બીજી ઘણી બધી. માન્ય ગ્રાહકોને લોન્સ પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ (પીએમએવાય) સીએલએસએસ સાથે ઓફર કરવામાં આવશે.

### એજીએસ ટ્રાન્ઝેક્ટ ટેકનોલોજીસ લિમિટેડનો આઈપીઓ ૧૯મીએ ખુલશે

એજીએસ ટ્રાન્ઝેક્ટ ટેકનોલોજીસ લિમિટેડ ("એજીએસ" અથવા "કંપની")એ ૧૯ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ એની ઈનિશિયલ પબ્લિક ઓફર ("ઓફર") લાવવાની યોજના બનાવી છે. ઓફરની પ્રાઈસ બેન્ડ રૂા.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર")દીઠ રૂા.૧૬૬થી રૂા.૧૭૫ નક્કી થઈ છે. બિડ લઘુતમ ૮૫ ઈક્વિટી શેર અને પછી ૮૫ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. ઓફરમાં ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફર ("ઓફર") મારફતે એજીએસ ટ્રાન્ઝેક્ટ ટેકનોલોજીસ લિમિટેડના ઈક્વિટી શેરદીઠ રૂા.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા કુલ રૂા.૬,૮૦૦ મિલિયનના શેર સામેલ હશે, જેમાં શ્રી રવિ બી ગોયલ ("પ્રમોટર વિક્રેતા શેરધારક")નારૂા.૬,૭૭૫.૮૦ મિલિયનના ઈક્વિટી શેર, શ્રી વી સી ગુપ્તેના ?૭.૬૩ મિલિયનના ઈક્વિટી શેર, શ્રી શૈલેષ શેટ્ટીના રૂા.૫.૯૭ મિલિયનના ઈક્વિટી શેર, શ્રી રાકેશ કુમારના રૂા.૪.૬૪ મિલિયનના ઈક્વિટી શેર, શ્રી નિખિલ પટિયાતના રૂા.૨.૯૮ મિલિયનના ઈક્વિટી શેર અને શ્રી રાજેશ હર્ષદરાય શાહના રૂા.૨.૯૮ મિલિયનના ઈક્વિટી શેર સામેલ છે (સંયુક્તપણે "અન્ય વિક્રેતા શેરધારક"). ઓફર સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૩૧ સાથે વાંચીને સીક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રુલ્સ, ૧૯૫૭ના નિયમ ૧૯(૨)(બી), જેમાં સંશોધન મુજબ ("એસસીઆરઆર") મુજબ કરવામાં આવી છે. ઓફર સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૬(૧)ની દ્રષ્ટિએ બુક બિલ્ડિંગ પ્રોસસ મારફતે કરવામાં આવી છે, જેમાં ઓફરનો મહત્તમ ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ("QIBs") ("QIB …kupo™")ને ફાળવવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવે છે, જેમાં શરત એ છે કે, કંપની અને પ્રમોટર વિક્રેતા શેરધારકો મ્ઈન્સ્જ સાથે ચર્ચા કરીને ક્યુઆઈબી પોર્શનનો મહત્તમ ૬૦ ટકા હિસ્સો વિવેકાધિન ધોરણે એક્કર રોકાણકારોને ("એક્કર ઈન્વેસ્ટર પોર્શન")ને ફાળવી શકાશે, જેમાંથી સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સને સુસંગત રીતે ૩૩ ટકા કે એક તૃતિયાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ માટે જ અનામત રાખવામાં આવશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ પાસેથી એક્કર રોકાણકારોને ફાળવણી માટેની કિંમત પર કે એનાથી વધારે કિંમતે માન્ય બિડ મળવાને આધિન છે. ઉપરાંત ક્યુઆઈબી પોર્શન (એક્કર ઈન્વેસ્ટર પોર્શનને બાદ કરતાં)નો ૫ ટકા હિસ્સો સપ્રમાણ આધારે મ્યુચ્યુઅલ ફંડને ફાળવવામાં આવશે અને ક્યુઆઈબી પોર્શનનો બાકીનો હિસ્સો સપ્રમાણ આધારે મ્યુચ્યુઅલ ફંડ સહિત તમામ ક્યુઆઈબી બિડર્સને ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## પ્રાંતિજ કાપડ એસોસિયેશનના પ્રમુખ-પત્રકાર ભરતભાઈ શાહનું દુ:ખદ અવસાન

પ્રાંતિજ તા.૧૭



સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે રહેતા ભરતકુમાર રમણલાલ શાહ નુ માંદગી ના કારણે દુ:ખદ અવસાન થયું હતું. પ્રાંતિજ બજાર ચોક વિસ્તાર મા આર.કે.પેલેસ નામની કાપડ ની દુકાન ના માલિક અને પ્રાંતિજ કાપડ એસોસિયેશન ના પ્રમુખ તથા પત્રકાર ભરતકુમાર રમણલાલ શાહ નુ ટુંકી માંદગી બાદ અમદાવાદ ખાતે તેમના નિવાસ સ્થાને અવસાન થયુ હતુ તો ભરતકુમાર શાહ છેલ્લા સાત વર્ષ થી પ્રાંતિજ કાપડ એસોસિયેશન ના પ્રમુખ તથા જૈન સમાજ ના અગ્રણીય હતા તો ૨૭ એકડા જૈન સમાજ ઉપરાંત ધડકણ સંઘ ના પણ આગેવાન હતા તો પ્રાંતિજ ખાતે આવેલ વિવિધ સંસ્થાઓમા તેવોએ પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી તો ભરતકુમાર શાહ ના અવસાન પરિવાર સંગાસંબધીઓ સહિત સમસ્ત જૈન સમાજ અને વેપારીઓ તથા મિત્રો મા શોક ની લાગણી પ્રસરી ગઈ હતી.




પોષી પૂનમના પવિત્ર દિવસે યાત્રાધામ ખેડબ્રહ્મામાં દર વર્ષે માં અંબિકા જગદંબા માતાજીનો પ્રાગટ્ય દિવસ ધામધૂમ પૂર્વક ઉજવાય છે પણ કોરોનાની ત્રીજી લહેરે દસ્તક દીધી હોવાથી સાવચેતીના ભાગરુપે ૨૩ જાન્યુઆરી સુધી મંદિર બંધ રાખેલ હોઈ બંધ બારણે મંદિરના પૂજારીઓ દ્વારા ભવ્ય અન્નકુટ ધરાવાયો હતો.

# કેસ વધ્યા : રાજ્યમાં કોરોનાના ૧૨,૭૫૩ નવા કેસ

### ૨,૬૩,૫૯૩ રસીના ડોઝ અપાયા : અત્યાર સુધીમાં ૮,૫૮,૪૫૫ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે : રિકવર રેટ ૯૧.૪૨ ટકાએ પહોંચ્યો

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં કોરોના વાયરસનો કહેર યથવાત રહ્યો છે અને દૈનિક કેસની સંખ્યા સતત વધી રહી છે. વચ્ચે બે દિવસ કેસની સંખ્યા ઘટ્યા બાદ તેમાં મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં કોવિડ-૧૯ના ૧૨૭૫૩ નવા કેસ નોંધાયા છે. જ્યારે અમદાવાદમાં દૈનિક કેસની સંખ્યા ૪૦૦૦ને પાર થઈ જતા હાહાકાર મચી ગયો છે. એક દિવસમાં ૫૯૮૪ દર્દીઓ સાજા થયા છે અને પાંચ લોકોના મોત થયા છે.

રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે અને તે ૭૦,૦૦૦ને પાર થઈ ગયા છે. હાલમાં રાજ્યમાં ૭૦,૩૭૪ એક્ટિવ કેસ છે જેમાંથી ૯૫ દર્દીઓ વેન્ટિલેટર પર છે. રાજ્યમાં અત્યાર સુધી ૮,૫૮,૪૫૫ લોકોએ કોરોનાને હરાવ્યો છે અને ૧૦,૧૬૪ લોકોના મોત થયા છે. રિકવરી રેટ ઘટીને ૯૧.૪૨ ટકા પર પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં સુરત જિલ્લામાં સૌથી વધુ બે દર્દીઓના મોત થયા છે જ્યારે અમદાવાદ કોર્પોરેશન, સુરત કોર્પોરેશન અને પંચમહાલમાં એક-એક મોત નોંધાયા છે. રાજ્યમાં અમદાવાદની સ્થિતિ ચિંતાજનક બની રહી છે જેમાં દૈનિક કેસનો આંકડો ૪૦૦૦ને પાર થઈ ગયો છે. અમદાવાદ કોર્પોરેશનમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૩૪૦ નવા કેસ સામે આવ્યા છે જ્યારે ૧૯૨૧ દર્દીઓ સાજા થયા છે. જ્યારે સુરત કોર્પોરેશનમાં ૨૯૫૫ કેસ નોંધાયા છે અને ૧૬૮૦ દર્દીઓ સાજા થયા છે. વડોદરા કોર્પોરેશનમાં પણ ૧૨૦૭ કેસ નોંધાયા છે.

સૌથી વધુ કેસ જ્યાં નોંધાયા છે તેમાં સુરત જિલ્લામાં ૪૬૪, રાજકોટ કોર્પોરેશનમાં ૪૬૧, વલસાડમાં ૩૪૦, નવસારીમાં ૩૦૦, ભરૂચમાં ૨૮૪, ગાંધીનગર કોર્પોરેશનમાં ૨૧૨, જામનગર કોર્પોરેશનમાં ૨૧૦, ભાવનગર કોર્પોરેશનમાં ૨૦૨, મોરબીમાં ૧૮૨, મહેસાણામાં ૧૫૨, કચ્છમાં ૧૪૯, પાટણમાં ૧૨૨, રાજકોટ જિલ્લામાં ૧૨૦, વડોદરા જિલ્લામાં ૧૦૬ અને ખેડામાં ૧૦૨ કેસ નોંધાયા છે. રાજ્યમાં રસીકરણ પણ સતત ઝડપી બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## ડ્રોનથી હુમલો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિરુદ્ધ લડનાર ખાડી દેશોના એક ગઠબંધનનું નેતૃત્વ કરી રહ્યું છે.

યુએઈ યમનના ગૃહયુદ્ધમાં સાઉદી અરેબિયા સાથે હૌથિઓ વિરુદ્ધ જોડાણમાં પણ લડી રહ્યું છે. યુએઈએ તાજેતરના અઠવાડિયામાં યમનમાં હૂતી લક્ષ્યો સામે તેના હવાઈ અભિયાનને વધુ તીવ્ર બનાવ્યું છે. ઈરાન સમર્થિત જૂથે કહ્યું હતું કે તે તેની સામે બદલો લેશે. સોમવારના હુમલાને આ કાર્યવાહીનો એક ભાગ ગણી શકાય. અગાઉ, યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ) જહાજ રાવબીના ૭ ભારતીય ક્રૂ સભ્યોને યમનમાં કાર્યરત ઈરાન સમર્થિત હૂતી બળવાખોરોએ પકડી લીધા હતા. ભારતે આ ઘટના પર ગંભીર ચિંતા વ્યક્ત કરતા સંયુક્ત રાષ્ટ્રને મદદની વિનંતી કરી છે. આ વચ્ચે સંયુક્ત રાષ્ટ્રએ કહ્યું છે કે તેણે રવાબી પર તૈનાત ચાલક દળના સભ્યો સાથે વાત કરી છે. હૂતી વિદ્રોહીઓનું કહેવું છે કે આ જહાજ પર ઘાતક હથિયાર હતા અને લાલ સાગરમાંથી તેને ઝડપવામાં આવ્યું હતું. જાણવા મળ્યું છે કે જહાજ પર ચાલક દળના કુલ ૧૧ સભ્ય છે, જેમાં સાત ભારતીય છે.

આ ઘટનાક્રમ તેવા સમયે થયો છે જ્યારે યમનમાં સાઉદી ગઠબંધન તરફથી સૈન્ય અભિયાન ઝડપી કરી દેવામાં આવ્યું છે. ભારતે પણ તે આહ્વાન કર્યુ કે યમનમાં સંપૂર્ણ રીતે સીઝફાયર લાગૂ કરવામાં આવે. ત્યારબાદ એક રાજકીય પ્રક્રિયા શરૂ કરવામાં આવે, જેમાં મહિલાઓને પણ મહત્વની ભૂમિકા આપવામાં આવે. યમનમાં ૨૦૧૧થી ગૃહ યુદ્ધ ચાલી રહ્યું છે. હૂતી વિદ્રોહીઓનું કહેવું છે કે તેણે જહાજમાંથી ઘણા હથિયાર ઝડપ્યા છે. તેણે તેના વીડિયો પણ જાહેર કર્યા હતા. હૂતી વિદ્રોહી સતત સાઉદી અરબ પર ડ્રોન અને મિસાઈલ હુમલા કરતા રહે છે.

## ૯૬ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આઈસોલેશનના નિયમોની અમલવારી તેમજ કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણ માટે તાકીદ કરી છે.

ગ્રામ્યવિસ્તારમાં સલામત અંતર જાળવવામાં અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાં વધી રહેલા કેસોને પગલે જિલ્લા વિકાસ અધિકારીએ આજે જિલ્લાના તમામ તબીબી અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી અને પરિસ્થિતિની સમીક્ષા કરી કોરોના ગાઈડલાઈન્સના અમલીકરણ માટે કડક તાકીદ કરી હતી.

## પ્રાંતિજ ખાતે મોદી સમાજના વયસ્થ મહિલાનું અવસાન થતા તેમની ચાર દીકરીઓએ કાંધો આપી અગ્નિદાહ આપ્યો

### ચારેય દીકરીઓએ કાંધો આપી અગ્નિદાહ આપી દિકરાની ખોટ પુરી કરી

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મોદી સમાજની વયસ્થ મહિલાનુ અવસાન થતા તેમની ચારેય દીકરીઓએ કાંધો આપી આગ્નિદાહ આપી પુત્ર ની ખોટ સાલવા દીધી નહતી અને દીકરીઓએ પુત્ર ધર્મ નિભાવ્યો હતો.



પ્રાંતિજ લાલ દરવાજા વિસ્તાર મા રહેતા જયંતિભાઈ બબલદાસ મોદી ના ધર્મ પત્ની મંજુલાબેન મોદીનુ ટુંકી માંદગી બાદ ૭૫ વર્ષ ની વયે નિધન થતા તેમના પરિવારજનો શોક મગ્ન બન્યા હતા પરતુ વયસ્થ મહિલાને એક પણ દિકરો ના હોય અને ચાર ચાર દિકરીઓ હોય અને ચારેય દિકરીઓ પરણિત છે તો ચારેય દિકરીઓ માતા ની અંતિમ ક્રિયા મા જોડાઈ ને માતાને કાંધો આપ્યો હતો એટલું જ નહી પરંતુ સ્મશાન ધામે પહોંચીને અગ્નિદાહ પણ આ ચાર દીકરીઓના હસ્તે દેવામા આવ્યો હતો તો આ ચારેય પુત્રીઓએ પુત્ર ની ખોટ સાલવા દીધી ન હતી ત્યારે સમાજ અને અન્ય સમાજ માટે પ્રેરણા દાયી છે તેમ કહીએ તો નવાઈ નહી.



## જન્મદિને વધામણી



વિજયકુમાર શંકરભાઈ પટેલ
અડપોદરા હાઇસ્કૂલ
હિંમતનગર જિલ્લો સાબરકાંઠા



ધર્મેન્દ્રકુમાર આર. પટેલ
રણેચી તા.બાયડ



પંકજભાઈ પ્રજાપતિ
ધનસુરા



અંકિત રમેશભાઈ પટેલ
આકરુન્દ તા. ધનસુરા



પ્રણવ ચિરાગભાઈ દરજી
રણાસન તા. તલોદ